# બટાકાના મબલખ પાકથી ખેડૂતો ચિંતામાં ગરકાવ

## કોલ્ડસ્ટોરેજમાં જગ્યા મેળવવા લાંબી કતારો : વેપારીઓ અને કોલ્ડસ્ટોરેજવાળાની આડાઈ વચ્ચે ખેડૂતો ચિંતાતુર : મબલખ પાક ઉતરતા ભાવો ગગડ્યા

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોએ બટાકાનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું છે અને હાલ બટાકાનો મબલખ પાક ઉતરી રહ્યો છે. બટાકાના પાકનો સારો ઉતારો આવ્યા બાદ બજારમાં ૬૦ થી ૧૨૦ રૂપિયે મણનો ભાવ માંડ મળી રહ્યો છે. બીજી તરફ કોલ્ડ સ્ટોરેજમાં પણ બટાકાની આવક વધી જવાથી જગ્યાની મુશ્કેલીએ ભાડા વધી રહ્યા છે ત્યારે ખેડૂતો માટે ચિંતાજનક પરિસ્થિતિ સર્જાઈ રહી છે.



આ વર્ષે વાતાવરણમાં વારંવાર આવેલા પરિવર્તનોને કારણે રવિ સીઝનના પાકમાં ખેડૂતોને નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો. મોંઘાદાટ બિયારણ, પિયત મજૂરી ખર્ચા અને ખાતરની અછત ભોગવવા છતાં ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવો ન મળતા નિરાશા સાંપડી હતી. હવે બટાકાની ખેતી તરફ વળેલા ખેડૂતોને ફરીથી ચિંતાજનક સ્થિતિમાં મુકવાનો વારો આવ્યો છે.

આ વર્ષે જિલ્લામાં માણસા, દહેગામ અને ચિલોડા પંથક ઉપરાંત સાબરકાંઠા-અરવલ્લીમાં પણ બટાકાનું પુષ્કળ વાવેતર થયું હતું. વળી, બટાકાનો ઉતારો પણ સારો આવતા બજારમાં પુરવઠો ખુબ વધી જતા બટાકાના હોલસેલ ભાવો ગગડી જવા પામ્યા છે. બીજી તરફ કોલ્ડસ્ટોરેજ વાળાઓએ પણ બટાકાની આવક વધતી જોઈ ખેડૂતોની સ્થિતિનો લાભ ઉઠાવવા યેનકેન પ્રકારે જગ્યા ન હોવાના બહાના કાઢવા લાગ્યા છે અને વધુ ભાડાની માંગણી કરવા લાગતા ખેડૂતોને 'પડ્યા પર પાટુ' જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. ખેતરોમાં બટાકા કાઢવાની પ્રક્રિયા ચાલુ હોવાથી ખેતરોમાં બટાકાના ઢગલા દેખાઈ રહ્યા છે તેમજ કોલ્ડ સ્ટોરેજવાળાઓએ ગલ્લા-તલ્લા કરીને વ્યવસ્થા કરવાના વાયદા કરતા બટાકા ભરેલા ટ્રેક્ટરો, મીની ટ્રકો અને અન્ય વાહનો લાંબી કતારો જોવા મળી રહી છે.

ગગડેલા ભાવ, કોલ્ડસ્ટોરેજવાળા અને વેપારીઓની મનમાની વચ્ચે પોતાનો માલ બગડી ન જાય તેની કાળજી માટે ટ્રેક્ટરોમાં કોથળા ભરી કોલ્ડ સ્ટોરેજના દરવાજે ધામા નાંખીને બેઠા છે. દર વર્ષે ખેડૂતોની ગરજનો લાભ ઉઠાવતા આ તત્વો સામે સરકારીતંત્રના આંખ મિચામણા પ્રત્યે ખેડૂતોમાં રોષ વ્યાપેલો જોવા મળી રહ્યો છે.

# ઘનકચરાના નિકાલ માટે જિલ્લામાં ૩.૨૦ કરોડના સાધનો ફળવાયા

ગાંધીનગર, તા.૧૧

ઘન કચરાના નિકાલ તેમજ વ્યવસ્થાપન યોજના અંતર્ગત જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં રૂ. ૩૧૯.૫૧ લાખના ખર્ચે ૨૫૫૬ જેટલા સાધનોની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં શહેરી વિકાસ મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે ઘનકચરાના નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત જિલ્લાની પેથાપુર, દહેગામ, કલોલ અને માણસા નગરપાલિકા માટે રૂ. ૩૧૯.૫૧ લાખના ખર્ચે સાધનો મંજુર કરાયા છે. જેમાં પેથાપુર માટે ૩૧૯, દહેગામ માટે ૮૦૭, કલોલ માટે ૧૨૮૩ અને માણસા નગરપાલિકાને ૪૭૭ સાધનોની ફાળવણી કરવામાં આવી છે.

**જમીન મહેસુલ નિયમ ૧૦૮ (૬) અન્વયે ૯૭૧ કેસો પેન્ડીંગ**

જિલ્લામાં જમીન મહેસુલ નિયમોના નિયમ ૧૦૮ (૬) અન્વયે કુલ ૯૭૧ કેસો બાકી છે. આ પૈકી ૨૮૨ કેસો એક વર્ષ સુધી તેમજ ૧૮૧ કેસો ૬ મહીના સુધીના બાકી છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ કેસો અર્ધન્યાયિક પ્રક્રીયામાં હોવા છતા બનતી ત્વરાએ તેનો નિકાલ કરવામાં આવશે.

**જિલ્લામાં ૧૪,૧૯૦૮૨ પશુઓનું રસીકરણ**

છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૩,૧૯,૪૦૨ પશુઓને સારવાર આપવામાં આવી છે. અસારવાના રજનીકાંત પટેલના પ્રશ્નના ઉત્તરમાં પશુપાલનમંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લામાં ૧૪,૯૮,૦૮૨ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

**કૃષિ મહોત્સવ દરમિયાન ૯૪ પશુ આરોગ્ય મેળા યોજાયા**

જિલ્લામાં કૃષિ મહોત્સવ ૨૦૧૪ દરમિયાન ૯૪ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે આ કૃષિ મહોત્સવમાં ૧૮,૭૦૫ પશુઓને સારવાર આપવામાં આવી હતી. ખાડીયાના ધારાસભ્ય ભૂષણ ભટ્ટના પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું કે આ દરમિયાન પશુમેળામાં ૪,૩૦,૩૪૯ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

**ખેડુત શિબિરમાં ૩૨૧૪ ખેડૂતોએ લાભ લીધો**

જિલ્લામાં બે વર્ષ દરમિયાન ૬૮ ખેડૂત શિબિર યોજવામાં આવી હતી. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યને ઉત્તર આપતા કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે ૬૮ ખેડૂત શિબિરમાં કુલ ૩૨૧૪ ખેડૂતોએ લાભ લીધો હતો.

**ગણોતધારા હેઠળ જમીન ખરીદ કિંમતના ૫ કેસો બાકી**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કીંમત ભરાઈ હોય તેવા ૪૬૦ કેસો છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં જણાવાયું હતું કે ગણોતધારા હેઠળની જમીની ખરીદ કિંમત સંદર્ભે ૫ કેસો બાકી છે.

# નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજયો પાસેથી ૫૪૨૬.૨૪ કરોડની રકમ લેવાની બાકી

ગાંધીનગર, તા.૧૧

નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજયો પાસેથી અંદાજે રૂ. ૫૪૨૬.૨૪ કરોડની રકમ લેવાની થતી હોવાનું રાજયના નર્મદા વિભાગના મંત્રીએ જણાવ્યું હતું.

સિધ્ધપુરના ધારાસભ્યે પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નર્મદા વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે નર્મદા યોજના અન્વયે ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મધ્યપ્રદેશ પાસેથી રૂ. ૩૫૪૭.૯૦ કરોડ મહારાષ્ટ્ર પાસેથી ૧૩૭૨.૫૭ કરોડ અને રાજસ્થાન પાસેથી રૂ. ૫૦૫.૭૭ કરોડ એમ કુલ રૂ. ૫૪૨૬.૨૪ કરોડની રકમ લેવાની થાય છે.

તેમણે જણાવ્યું હતું કે ઉકત રકમમાં વિવાદિત તેમજ બિનવિવાદિત રકમનો સમાવેશ થાય છે.

ભાગીદાર રાજયો દ્વારા ગુજરાત સરકારને છેલ્લા બે વર્ષમાં ચૂકવાયેલ રકમની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે મધ્યપ્રદેશ તરફથી ૨૦૧૩-૧૪માં રૂ. ૫૪.૬૬ કરોડ અને ૨૦૧૪-૧૫માં ૧.૫૦ કરોડ એમ કુલ ૫૬.૧૬ કરોડ મહારાષ્ટ્ર તરફથી રૂ. ૨૭૩.૦૯ કરોડ અને રાજસ્થાન તરફથી રૂ. ૫૪.૦૪ એમ ત્રણ રાજયો તરફથી કુલ રૂ. ૩૮૩.૨૯ કરોડની રકમ ચૂકવાઈ છે.

તેમણે જણાવ્યું હતું કે ભાગીદાર રાજયો દ્વારા કરવામાં આવતી ચૂકવણી વર્ષવારના ખર્ચ સામે કરવામાં આવતી નથી. આમ છતાં ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજયો પાસેથી લેણી થયેલ રકમ રૂ. ૬૪૩.૭૨ કરોડ સામે તે સમયગાળા દરમિયાન મળેલ રકમ રૂ. ૩૮૩.૨૯ કરોડ ધ્યાને લઈએ તો તે અન્વયે રૂ. ૨૬૦.૪૩ કરોડ લેવાના નીકળે છે.

# સેક્ટર-૧૫ કોમર્સ કોલેજમાં ચોરો બેફામ : રોજ બેગ ચોરાય છે

## પરીક્ષા દરમ્યાન વર્ગખંડ બહાર મુકાવાતી બેગ લોબીમાં આવીને ચોરો ઉઠાવી જાય છે : કોલેજ સત્તાવાળાએ હાથ ઉંચા કરી દીધા : મોબાઈલ-પર્સ બેગમાંથી નીકાળી ખાલી બેગ બગીચામાં ફેંકી દેવાય છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરની સેક્ટર-૧૫ કોમર્સ કોલેજમાં આંતરીક પરીક્ષાઓ ચાલી રહી છે. વર્ગખંડની બહાર વિદ્યાર્થીઓને બેગ મુકાવવામાં આવે છે. તે બેગ લોબીમાંથી ચોરો ઉઠાવી જાય છે. પરંતુ કોલેજ સત્તાવાળાઓને ખ્યાલ પણ આવતો નથી. સતત અઠવાડિયાથી દરરોજ બે થી ત્રણ બેગની ચોરી થાય છે અને તેમાંથી મોબાઈલ, પર્સ જેવી કિંમતી ચિજવસ્તુઓ નીકાળી ખાલી બેગ બગીચામાં ફેંકી દેવાય છે. વિદ્યાર્થીઓએ કોલેજ સત્તાવાળાઓને રજુઆત કરી એક્શન લેવા કહેતા કોલેજ સત્તાવાળાઓએ પણ હાથ ઉંચા કરી દીધા છે.

જ્યાંરથી પરીક્ષાઓ શરૂ થઈ ત્યારથી કોલેજની લોબીમાંથી રોજ બે થી ત્રણ બેગ ચોરી થતી હોવાની બુમો પડે છે. તેમ છતાં કોલેજ સત્તાવાળા આ બાબતને ગંભીરતાથી લેતી નથી. વિદ્યાર્થીઓએ એક્શન લેવા માંગ કરતા જવાબ મળ્યો કે તમારો પ્રશ્ન છે તમે જાતે પોલીસને ફરીયાદ કરો અમે કોઈ એક્શન ન લઈએ..! કોલેજ પરીસરમાં બનતી ઘટનાઓમાં પણ કોલેજ સત્તાવાળા હાથ ઉંચા કરી દેતા વિદ્યાર્થીઓ પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે. જો કે વિદ્યાર્થીઓએ જાતે મહેનત કરીને અઠવાડીયાના સીસીટીવી કેમેરાના કુટેજ ચેક કરી ચોર સુધી પહોંચવા મહેનત કરી છે. જેમાં એક શખ્સ કેમેરામાં પકડાયો પણ છે. પોલીસ ફરીયાદ કરવા વિદ્યાર્થીઓએ તજવીજ શરૂ કરી છે. એક અઠવાડિયામાં આ ચોરની કળાનો ભોગ પંદરેક વિદ્યાર્થીઓ બન્યા હોવાનું જાણવા મળ્યું છે.

## અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને મહેસુલ વિભાગ ધ્વારા

# નવા કલેકટર ડીડીઓનુ વેલકમ અને પૂર્વ કલેકટરનો વિદાય સમારંભ યોજાયો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૦

ગુજરાત રાજય માં ૭ જીલ્લા નવા બન્યા તેમાં સાબરકાંઠા માં થી અરવલ્લી જીલ્લો અલગ બન્યો માં બદલી કરવામાં આવી હતી અને તેમના સ્થાને નર્મદા જીલ્લા માં જીલ્લા માં વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા એસ.છાકુઆકને પત્રકાર મિત્રો પણ ઉપસ્થીત રહયા હતા ત્યારે અરવલ્લી જીલ્લામાંથી વિદાય લઈ રહેલ અરવલ્લી જીલ્લા માં પોતે વિતાવેલ અરવલ્લી જીલ્લા



હતો ત્યારે ૧૪ મી ઓગષ્ટ ના રોજ અરવલ્લી જીલ્લા ના પ્રથમ કલેકટર તરીકે બી જે ભટ્ટે ચાર્જ સંભાળ્યો હતો અને અરવલ્લી જીલ્લા ને વિકાસ ની ગતી એ દોડતો કર્યો હતો ત્યારે થોડાક દિવસો પહેલા અરવલ્લી જીલ્લા કલેકટર ને એડીશનલ સેક્રેટરી તરીકે રર્બન એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ વિભાગ અરવલ્લી જીલ્લા કલેટર તરીકે ફરજ સોપવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને મહેસુલ વિભાગ ધ્વારા મોડાસા ખાતે આવેલ મહેસુલી કર્મચારીઓ અને અધિકારીઓ ની હાજરી માં નવા કલકેટર ડીડીઓ નો વેલકમ અને પુર્વ કલેકટર નો વિદાય સમારંભ યોજાયો હતો આ કાર્યક્રમ માં મોટી સંખ્યા માં ખાસ પળો વાગોડી હતી અરવલ્લી જીલ્લાવાસીઓ તરફથી જે પ્રેમ મળ્યો તે બદલ આભાર માન્યો હતો. અરવલ્લી જીલ્લા કલેકટર એસ. છાકછુઆક ડીડીઓ એસ બી પટેલ પુર્વ કલેકટર બી જે ભટ્ટ જીલ્લા પોલીસ વડા મયુરસિહ ચાવડા સહિતના તમામ અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા.

# પાલનપુર નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવા સંમેલન યોજાયું

પાલનપુર, તા.૧૧

પાલનપુર નહેરુ યુવા કેન્દ્રના ઉપક્રમે ઠકકરબાપા છાત્રાલય પાલનપુર ખાતે જિલ્લા કક્ષાનું યુવા સંમેલન યોજાયું હતું.

સંમેલનના પ્રારંભે નહેરુ યુવા કેન્દ્રના ડાયરેકટર દ્રુપદભાઈ જોષીએ સ્વાગત પ્રવચન કર્યું હતું જયારે વિવેકાનંદ યુવા શકિત કેન્દ્રના જિલ્લાના ચેરમેન ગૌરાંગ પાઘ્યાએ જણાવ્યું હતું કે દેશની ૬૫ ટકા વસતી યુવાન છે ત્યારે યુવાનોના વિકાસ માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેક યોજનાઓ કાર્યરત કરાઈ છે. માજી ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિએ આ પ્રસંગે યુવાનોને વિવેકાનંદજીએ આપેલ સંદેશને આત્મસાત કરવો જોઈએ. અંતે ઉપસ્થિત યુવાનોએ સ્વચ્છતાના શપથ લીધા હતા.

# અરવલ્લી જિલ્લા પંચાયતનું બજેટ ખેડૂતો, આદિવાસીઓ તથા ગરીબોની મજાક : કોંગ્રેસ

મોડાસા, તા.૧૧

અરવલ્લી જિલ્લા પંચાયતમાં આજે સૌ પ્રથમ બજેટ રજુ કરવામાં આવ્યું હતું. જેનો વિરોધપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. અને આ બજેટને ગરીબો, ખેડૂતો, આદિવાસીઓની મજાક ઉડાડવા સમાન હોવાનું વિરોધ પક્ષે જણાવ્યું હતું. અરવલ્લી જિલ્લા પંચાયતમાં વિરોધપક્ષના સદસ્યો દ્વારા બજેટની હોળી કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા પંચાયતમાં શાસકપક્ષ ભાજપ દ્વારા અરવલ્લી જિલ્લાનું સૌ પ્રથમ બજેટ રજુ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં જાહેર આરોગ્ય, બાંધકામ, સિંચાઈ સહિત વિવિધ વિભાગો માટે બજેટની ફાળવણી કરાઈ હતી. જેનો વિરોધપક્ષ કોંગ્રેસના નેતા અરુણ પટેલ, જશુભાઈ પટેલ, કલજી કટારા, બળવંતસિંહ બાપુ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. વિરોધપક્ષના અરુણ પટેલના જણાવ્યા અનુસાર આજે રજુ કરાયેલું સત્તાધારી પક્ષ દ્વારા અરવલ્લી જિલ્લાનું બજેટ ખેડૂતો, ગરીબો તથા આદિવાસીઓની મજાક ઉડાડવા સમાન છે.

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ પર ઉગ્ર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે પ્રમુખ દ્વારા પોતાના ઘર, મોબાઈલ, ફર્નિચરના ખર્ચા વધાર્યા છે તે સિવાય અરવલ્લી જિલ્લાના વિકાસના નામે શૂન્ય છે. આ ઉપરાંત અનેક નિયમોનો સત્તાધારી પક્ષે ભંગ કર્યો છે. આ ઉપરાંત જિલ્લા પંચાયતના સદસ્યોની ગ્રાન્ટ ૫ લાખ કરવા રજૂઆત કરાઈ હોવા છતાં માત્ર ૨.૫ લાખ રૂ. જ ફળવાયા છે. આટલા રૂપિયામાં જિલ્લા પંચાયત સદસ્ય પોતાના મતવિસ્તારમાં વિકાસના કામો કઈ રીતે કરી શકે તે યક્ષ પ્રશ્ન છે.

અરવલ્લી જિલ્લા પંચાયતના વિરોધપક્ષના સદસ્યોએ જિલ્લા પંચાયત કચેરી આગળ જ બજેટની હોળી કરવામાં આવી હતી. આમ આગામી દિવસોમાં કોંગ્રેસ-ભાજપ વચ્ચે અનેક પ્રશ્ને ચકમક જર્યા કરશે તેમાં બે મત નથી.

# સુક્ષ્મ સિંચાઈ યોજના અંતર્ગત અપાતી સહાયમાં ૧૦ ટકા વધારાની સહાય અપાશે

રાજયમાં અમલી બનાવવામાં આવેલી સૂક્ષ્મ સિંચાઈ યોજના અંતર્ગત આપવામાં આવતી સહાય ઉપર વધારાની ૧૦ ટકા સહાય આપવાનો નિર્ણય સરકારે કર્યો હોવાની જાહેરાત રાજયના કૃષિમંત્રીએ કરી હતી.

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે નિયમ-૪૪ હેઠળ રાજયના કૃષિમંત્રી બાબુભાઈ બોખીરીયાએ ઉપરોક્ત જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ થી સૂક્ષ્મ સિંચાઈ અપનાવવા માંગતા બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના ખેડૂતો આ યોજનામાં વધારે પ્રમાણમાં આકર્ષાય તેમજ સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ વસાવવી આર્થિક રીતે પરવડે તે માટે પ્રવર્તમાન ધારાધોરણ મુજબ મળવાપાત્ર સહાય ઉપર ૧૦ ટકા વધારાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવેલી છે. આ યોજનાની અમલવારી ૧-૪-૨૦૧૫ થી કરવાની હતી પરંતુ ખેડૂતોના હિતમાં જેમણે અગાઉ અરજીઓ કરી દીધેલ હતી અને આજની તારીખે અરજીઓ પડતર હતી તેઓને આ નવી જાહેરાતને કારણે યોજનાનો લાભ મળશે.

આજની તારીખે પડતર અરજીઓ તેમજ હવે અરજી કરનાર તમામ બે હેક્ટર કરતાં ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના નાના અને સીમાંત ખેડૂતોને લાભ આપવાનો નીતિવિષયક નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. મે-૦૫થી લઈને જાન્યુઆરી-૧૫ સુધીમાં રાજ્યના કુલ ૬,૫૧,૯૧૮ ખેડૂતોએ ૧૦,૫૧,૭૦૦ હેક્ટર વિસ્તાર માટે આ યોજનાનો લાભ લીધેલ છે. જેમાં બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ૨,૪૫,૫૧૪ ખેડૂતો દ્વારા ૨,૬૬,૧૧૩ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવેલ છે.

પાણીના વૈદ્યાનિક વ્યવસ્થાપન દ્વારા મહત્તમ ખેત ઉત્પાદન ઓછા ખર્ચે થાય અને ખેડૂતની આવક વધુ થાય તે દિશામાં રાજ્યના ખેડૂતોને પ્રેરિત કરવા રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં જળ સંચય અભિયાન હાથ ધરેલ છે. જેના ભાગરૂપે રાજ્યમાં સિંચાઈના જુદા જુદા સ્રોતમાંથી ઉપલબ્ધ થતાં પાણીનો ખૂબજ કરકસર ભર્યો અને કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુસર ડ્રીપ સ્પ્રીંક્લર માઈક્રો સ્પ્રીંક્લર જેવી આધુનિક સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઓની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

# એડલેબ્સ એન્ટરટેઈન્મેન્ટ લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ આજે ૧૨ માર્ચ, ૨૦૧૫ના રોજ બંધ થશે

કંપનીએ ૧૦ માર્ચ, ૨૦૧૫ના રોજ પ્રત્યેક ઈક્વિટી શેર (''ઈશ્યૂ'') દીઠ એક શેર પ્રીમિયમ ધરાવતા રૂ. ૧૦ની મૂળકિંમત (''ઈક્વિટી શેર'')ના ૨૦,૩૨૬,૨૨૭ સુધીના ઈક્વિટી શેરના પબ્લિક ઈશ્યૂનો પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. ઈક્વિટી શેર દીઠ રૂ. ૨૨૧ થી રૂ. ૨૩૦નો પ્રાઈસ બેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. શ્રી મનમોહન શેટ્ટી અને થ્રિલ પાર્ક લિમિટેડ આ કંપનીના પ્રમોટર્સ છે. આ ઈશ્યૂમાં ૧૮,૩૨૬,૨૨૭ ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને થ્રિલ પાર્ક લિમિટેડ દ્વારા ૨,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર (''ઓફર ફોર સેલ'')ની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. બિડ કરવા માટેનો લઘુત્તમ લોટ ૬૫ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ તે ૬૫ ઈક્વિટી શેરનો ગુણોત્તર ધરાવે છે. આ ઈશ્યૂમાં કંપનીની ઈશ્યુ પછીની ભરપાઈ થયેલી ઈક્વિટી શેર મૂડીના ૨૫.૪૪ ટકા હિસ્સાનો સમાવેશ થાય છે. ગ્લોબલ કો-ઓર્ડિટર્સ અને લીડ મેનેજર્સ સાથેના પરામર્શ દ્વારા કંપનીએ રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સને ઈશ્યૂ પ્રાઈસ પર રૂ. ૧૨નું ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે.

આઈસીઆઈસીઆઈ ડાયરેક્ટ ડોટ કોમના જણાવ્યા મુજબ 'તેના આઈપીઓ રિવ્યૂમાં એડલેબ્સ એન્ટરટેઈનમેન્ટને લાંબા ગાળે મુલાકાતીઓની સંખ્યામાં વધારાથી વેલ્યુએશનમાં વૃદ્ધિ થશે. નાણાંકીય વર્ષ ૨૦૧૫થી ૨૦૧૮ દરમિયાન ૪૨ ટકાના દરે આવકમાં વધારો થવાની શક્યતા છે.'' આ ઈશ્યૂ બુક બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા લાવવામાં આવી રહ્યો છે, જે હેઠળ કંપની અને સેલિંગ શેરહોલ્ડર ક્યુઆઈબી પોર્શનના ૬૦ ટકા સુધીના હિસ્સાની એન્કર રોકાણકારોને વિવેકાધિકાર અનુસાર ફાળવણી કરી શકે એવી શરત સાથે ઈશ્યૂનો ઓછામાં ઓછો ૭૫ ટકા હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સને પ્રમાણસર ધોરણે ફાળવવામાં આવશે.


એડલેબ્સ મુંબઈમાં એકવામેજિકા વોટર પાર્કનો પણ સમાવેશ થાય છે, જે ૧ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સંપૂર્ણપણે કાર્યાન્વિત થયો હતો. આ સિવાય એડલેબ્સ મુંબઈમાં એક પારિવારિક હોટલ એવી નોવોટેલ ઈમેજિકા ખોપોલીનો પણ સમાવેશ થાય છે, જેનો પ્રથમ તબક્કો માર્ચ, ૨૦૧૫ સુધીમાં પૂર્ણ થઈ જાય એવી સંભાવના છે. અંદાજિતપણે ૧૩૨ એકર જમીનના વિસ્તારમાં પથરાયેલો એડલેબ્સ મુંબઈ મુંબઈ-પૂણે એક્સપ્રેસવે પર, ખાલાપુર ખાતે, મુંબઈથી ૭૪ કિ.મી.ના અંતરે આવેલો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં આશરે ૧.૫૬ મિલિયન અતિથિઓએ ઈમેજિકા અને એક્વામેજિકાની મુલાકાત લીધી હતી. કંપનીનું માનવું છે કે વોટર પાર્ક, ટુંક સમયમાં શરૂ થનારી હોટેલ અને સ્નો પાર્કના ઉમેરાની સાથે તે એડલેબ્સ મુંબઈમાં અતિથિઓનો અનુભવ વધારે શકશે અને એડલેબ્સ મુંબઈને સંપૂર્ણ મનોરંજન આપતા સ્થળ તરીકે સ્થાપિત કરી શકશે.

## ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૪ - ૨૦૧૪-૧૫

આથી જાહેર નિવિદા આપવામાં આવે છે કે, જિલ્લા પંચાયત ગાંધીનગર સે.૧૭, પશુપાલન શાખા (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૫૦) હસ્તકના પશુદવાખાના તથા પ્રા.પ.સા. કેન્દ્રો ખાતે નિભાવવાના થતા નિયત નમુનાના તાંત્રિક રજીસ્ટરો છાપી આપવા માટે પાનકાર્ડની ઝેરોક્ષ કોપી રજુ કર્યેથી તા. ૧૭/૩/૨૦૧૫ કચેરીના કામકાજ દરમિયાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી રજીસ્ટરોના નમુના અંગે વિગતવાર માહિતી ફોર્મ અત્રેથી આપવામાં આવશે. જે ફોર્મ વિગતવાર ભરી આ કચેરીને મોડામાં મોડા તા. ૨૦/૩/૨૦૧૫ સુધીમાં રૂબરૂ / રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર, સે.૧૭ને મળે તે રીતે બંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

**સહી/-**
**મદદનીશ પશુપાલન નિયામક**
**જિલ્લા પંચાયત ગાંધીનગર**

## શબ્દાવલી - ૫૬૬૭



### આડી ચાવી

૧. સાપ-નિસરણીની એક રમત (૪)
૩. જમીનની અંદર ગયેલો સમુદ્રનો ફાંટો (૩)
૬. ગપ, વાતો (૨)
૭. ખાનદાન, સુંદર (૪)
૮. ડાગળી ખસી જળ,... થવું (૪)
૯. ફોટો, છબી (૩)
૧૧. પ્રેમ, સ્નેહ (૨)
૧૪. વેર, દ્વેષ (૨)
૧૫. થાપા, હાથા (૨)
૧૭. દોઢડાહ્યું (૬)
૧૯. હસ્તકમલ (૫)

### ઊભી ચાવી

૧. સાથીદાર, સાથી (૪)
૨. પિતા, બાપુજી (૨)
૩. અર્જુન પુત્ર (૪)
૪. ખાદ્યપદાર્થ, સાટા, ખાજુ(૨)
૫. તતડવું તે (૪)
૭. વાદળું, આકાશ (૨)
૮. લાંબુ (૨)
૧૦. સામાની વાત કબુલવી તે(૩)
૧૨. હરક્ષણ - પલપલ (૪)
૧૩. લાફો, ઝાપટ (૪)
૧૪. ખજૂર સુકવીને.... બનાવાય (૩)
૧૬. શાણુ (૨)
૧૭. બતક (૨)
૧૮. હિંમત (૨)

### શબ્દાવલી ૫૬૬૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભુમિગત (૬) લીન (૭) સફળ (૯) મધુવન (૧૦) કવન (૧૨) વખ (૧૩) તસલ્લી (૧૫) ડર (૧૬) સાયબી (૨૦) સ્મારક (૨૧) ડરપોક

**ઊભી ચાવી :-** (૨) ભુજંગ (૨) ગલી (૩) તનમન (૪) આસવ (૫) ગોળ (૮) ફનવર્લ્ડ (૧૦) કસર (૧૧) વલ્લી (૧૩) તડજોડ (૧૪) સોય (૧૭) બીસ્માર (૧૮) સાકર (૧૯) ચંપો